# આણંદ કૃષિ યુનિવર્સિટી,
# આણંદ

## કાર્યાલય આદેશ

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તક આણંદના કેમ્પસ તેમજ વિવિધ સંશોધન/વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો, કોલેજ હસ્તકના સંશોધન-વ-પ્રયાગિક ફાર્મના તેમજ બહારના પેટા સંશોધન કેન્દ્રો આવેલા છે અને તેઓ હસ્તક ખેતી તેમજ સંશોધન માટે જમીનો આવેલ છે તેમાં કોઇ ને કોઇ વિવાદ/ પ્રશ્નો હોય છે જેનો સત્વરે નિરાકરણ લાવવા યુનિવર્સિટી હીતમાં જરૂરી છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી માટે નવી જમીનો મોજે. માતર તાલુકા સીડ ફાર્મ, મોજે.ત્રાણજા, બાલાસિનોર તાલુકા સીડ ફાર્મ તેમજ કંસારી સીડ ફાર્મ તા.ખંભાતની જમીન આણંદ કૃષિ યુનિવર્સિટી માટે હસ્તગત કરવાની કાર્યવાહી ચાલું છે આ કાર્યવાહી પૂર્ણ કરવી જરૂરી છે. જમીનને લગતા પ્રશ્નો તેમજ નવી જમીન હસ્તગત કરવા માટે સંશોધન નિયામકશ્રીની કચેરી તથા કુલસચિવશ્રીની કચેરીના સંકલનમાં રહી કાર્યવાહી કરવા માટે નોડલ અધિકારી તરીકે ડૉ.ડી.સી.પટેલ, સહ પ્રાધ્યાપક, એનિમલ સાયન્સ, બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની નિમણુંક કરવામાં આવે છે. નોડલ અધિકારીશ્રીએ ઉકત તમામ ફાર્મ યુનિવર્સિટી હસ્તગત થઇ જાય તથા સબંધિત ફાર્મ યુનિવર્સિટીના નામે થઇ જાય તે રીતે કામગીરી કરવાની રહેશે.

પ્રસ્તુત આદેશ માન.કુલપતિશ્રીએ ફાઇલ ઉપર આપેલ સંમતિ અનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.

જા.નં.આકૃયુ/રજી/જમીન રેકર્ડ/ ૪૭૨/૨૦૨૨

તા. 30/૧૧/૨૦૨૧.

કુલસચિવ

**નકલ સવિનય રવાનાઃ-**

(૧) સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

**નકલ રવાનાઃ-**

(૧) તમામ યુનિટ અધિકારી/ સબ યુનિટ અધિકારી(પેટા કેન્દ્રો સહિત) આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

(૨) ડૉ.ડી.સી.પટેલ, સહ પ્રાધ્યાપક, એનિમલ સાયન્સ,બં.અ.કૃષિ મહાવિધાલય, આ.કૃ.યુ.આણંદ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

(૩) માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, તરફ જાણ સારૂ આ.કૃ.યુ. આણંદ

(૪) મદદનીશ કુલસચિવશ્રી(વહીવટ) તરફ નોડલ અધિકારીશ્રીને જરૂરી સુવિધા આપવા સારૂ.